**સરકારી વિજ્ઞાન કોલેજ, સેક્ટર-૧૫, ગાંધીનગર**

**શૈક્ષણીક વર્ષ ૨૦૨૪-૨૫ માટે B.Sc. સેમ.- ૫ માં એડમીશન અંગે અગત્ય ની નોટીસ**

તા. ૨૭/૦૬/૨૦૨૪

આથી સરકારી વિજ્ઞાન કોલેજ - ગાંધીનગર ના સેમીસ્ટર- ૪ ના તમામ રેગ્યુલર વિદ્યાર્થીઓ ને જણાવવાનુ કે તેઓના સેમીસ્ટર-૫ માં પ્રવેશ તેમજ વિષય ગ્રુપ માટે તા. ૨૮-જુન-૨૦૨૪, ૨૯-જુન-૨૦૨૪ અને ૦૧-જુલાઇ-૨૦૨૪ દરમિયાન બપોર ૧૨:૦૦ ક્લાક થી ૧૫:૦૦ ક્લાક દરમિયાન કોલેજ કાર્યાલયમાં (રૂમ નં-૨) કુ. ભુમિકાબેન ડોડીયા પાસેથી પ્રવેશ ફોર્મ મેળવી નીચે મુજબની સુચનાઓ નુ પાલન કરવાનુ રહેશે.

૧. પ્રવેશ ફોર્મ માં નામ, પિતાનું નામ, માતાનું નામ જેવી વિગતો BLOCK LETTERS માંજ ભરવી.

૨. પ્રવેશ ફોર્મ માં નામ, Enrolment number, last exam seat number(સેમ.- ૪) જેવી વિગતો ગુજ.યુનિ. માર્કશીટ પ્રમાણેજ ભરવી.

૩. પ્રવેશ ફોર્મ સથે જોળવાના આધાર/પુરાવા ની સ્વ-પ્રમાણીત નકલ:
   - સેમ.-૧, ૨, ૩, ૪ ની માર્કશીટ ની સ્વપ્રમાણીત નકલ
   - સેમ-૪ ની Gujarat University Admit card/College fee Receipt
   - School Leaving Certificate/Transfer Certificate ની સ્વપ્રમાણીત નકલ
   - જાતીનો દાખલો (જો લાગુ પડતું હોય તો)

૪. પ્રવેશ ફોર્મ ના પુષ્ઠ પાન પર આપેલ Matrix મુજબ સેમ-3 અને ૪ માં અભ્યાસ કરેલ ગ્રુપ મુજબ લાગુ પડતા સેમ-૫ અને ૬ માટે ના વિષય ને પસંદગી ક્રમ આપવો.

૫. ભરેલ પ્રવેશ ફોર્મ નીચે મુજબ ના અધ્યાપકશ્રી પાસે ચેક કરાવી જમા કરાવવાના રહેશે:

| | |
|---|---|
| સેમ-3, ૪ માં જે વિધ્યાર્થીઓ એ PM, MP, CP, PC વિષય ગ્રુપ સાથે અભ્યાસ કરેલ છે તેઓ એ → | Dr. K. B. Patel (રૂમ. નં-21 )<br>Dr. Manish Visavadia (N-9)<br>(Zoology lab) |
| સેમ-3, ૪ માં જે વિધ્યાર્થીઓ એ CB, BC, BZ, ZB, MZ વિષય ગ્રુપ સાથે અભ્યાસ કરેલ છે તેઓ એ → | Dr. Chandresh Kharadi<br>(Botany Lab) |

નોંધ:

- તમારી અભ્યાસ ક્ષમતા તથા વિષય માં તમારી રૂચી ને ધ્યાન મા રાખી, સમજી વિચારી ને વિષય ગ્રુપ ને પસંદગી ક્રમ આપવો.
- પ્રવેશ મેરીટ ને આધિન આપવામાં આવશે. એક વખત વિષય પસંદ કર્યા પછી તે બદલી આપવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેવી.
- વિષય ગ્રુપ માટે સીટ મેટ્રીક્ષ ની સંખ્યા- ગુજરાત યુનીવર્સીટી દ્વારા પ્રકાશીત પ્રવેશ અંગે ની માર્ગદર્શિકા શૈ.વ-૨૦૨૧-૨૨ મુજબ રહેશે.
- પ્રવેશ મળ્યા બાદ વિદ્યાર્થીઓએ પ્રવેશ ફી ભરવાની રહેશે જે અંગે કોલેજ દ્વારા જાણ કરવામાં આવશે.

**સરકારી વિજ્ઞાન કોલેજ - ગાંધીનગર ના રિપિટર્સ વિદ્યાર્થીઓ માટે**

એ દર્શાવેલ તારીખ, સમય અને સુચના મુજબ ફોર્મ ભરવાનુ રહેશે. ઉપરાંત રિપિટર્સ વિદ્યાર્થીઓ પ્રવેશ લેવા માટે આગળ ના બધાજ સેમેસ્ટર ની Mark-sheet ની નકલ જોડવાની રહેશે. તેમજ રૂબરૂમાં Miss. M. V. Mulchandani (રૂમ. નં-30) ને મળી સુચન મુજબ ફોર્મ જમા કરાવવાનું રહેશે.

અધ્યક્ષ
T. Y. B. Sc. પ્રવેશ સમીતી (૨૦૨૪-૨૫)
સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર

for આચાર્ય
સરકારી વિજ્ઞાન કોલેજ
સેક્ટર-૧૫, ગાંધીનગર

તમામ અપડેટ માટે કોલેજ વેબસાઇટ www.gscgandhinagar.in પર Admission→2024-25→T. Y. B. Sc. પર જોતા રહેવું.

**સરકારી વિજ્ઞાન કોલેજ, સેક્ટર-૧૫, ગાંધીનગર**

**શૈક્ષણીક વર્ષ ૨૦૨૪-૨૫ માટે B.Sc. સેમ.- ૫ માં ગુજરાત યુનીવર્સીટી સલગ્ન અન્ય કોલેજ/ અન્ય યુનીવર્સીટી સલગ્ન કોલેજ ના વિધ્યાર્થીઓ માટે એડમીશન અંગે અગત્ય ની નોટીસ**

તા. ૨૭/૦૬/૨૦૨૪

અત્રેની કોલેજમાં સેમ-૫ માં પ્રવેશ લેવા માગતા ગુજરાત યુનિવર્સિટી સલગ્ન અન્ય કોલેજના વિદ્યાર્થીઓ તેમજ અન્ય યુનિવર્સિટી સલગ્ન કોલેજના ના વિદ્યાર્થીઓ ને જણાવવાનું કે તેઓએ તા. **૨૮-જુન-૨૦૨૪, ૨૯-જુન-૨૦૨૪ અને ૦૧-જુલાઇ-૨૦૨૪** દરમિયાન બપોર ૧૨:૦૦ કલ્લાક થી ૧૫:૦૦ કલ્લાક ના સમયગાળામાં રૂબરૂ હાજર રહી એક સાદાકગળ ઉપર આચાર્યશ્રી સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગર ને સંબોધીને અરજી કરવાની રહેશે.

આ અરજી માં વિદ્યાર્થી એ પોતાનું નામ, સરનામું, મોબાઈલ નંબર, ઇ-મેલ આઇડી, પોતાની હાલ ની કોલેજનું નામ, સેમ-૫ માં રાખવા માગતો વિષય સ્પષ્ટ દર્શાવવાનું રહેશે. આ અરજી સાથે નીચે મુજબના આધાર પુરાવા જોડવાના રહેશે:

- તાજેતરનો પાસપોર્ટ સાઇઝ ફોટોગ્રાફ.
- સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ/ટ્રાંસ્ફર સર્ટિફિકેટ ની સ્વપ્રમાણિત નકલ.
- સેમ ૧, ૨, 3 અને ૪ ની માર્કશીટની સ્વપ્રમાણિત નકલ. જો સેમ-૪ ની માર્કશીટ આવેલ ન હોય તો સેમ-૪ ની Gujarat University Admit card ની સ્વ-પ્રમાણિત નકલ
- આધાર કાર્ડની સ્વ પ્રમાણિત નકલ
- અનામત કેટેગરીના વિદ્યાર્થીઓ ના સંજોગ માં જાતિના પ્રમાણપત્ર ની સ્વ-પ્રમાણિત નકલ.
- ગુજરાત યુનિવર્સિટી સિવાય **અન્ય યુનિવર્સિટી સંલગ્ન** કોલેજોના વિદ્યાર્થીઓએ Provisional Eligibility Certificate ફરજીયાત પણે જોડવાનું રહેશે.
- બધા જ આધાર પુરાવા સાથેની આ અરજી કોલેજના રૂમ નં-30 માં Miss Meena V. Mulchandani ને આપવાની રહેશે.

**પ્રવેશ માટે અરજી કરતી વખતે નીચે મુજબની નોંધ સુચનાઓનું પાલન કરવાનું રહેશે:**

૧. સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગર ખાતે B.Sc. સેમ-૫ અને ૬ માં જે વિષય ગ્રુપ ભણાવવામાં આવે છે તેવા વિષયો વિદ્યાર્થીએ B.Sc. સેમ-૧, ૨, 3 અને ૪ માં અભ્યાસ કરેલ હોવા જોઇએ, તેના આધારે જ B.Sc. સેમ-૫ અને ૬ માટે વિષય ગ્રુપ પસંદ કરવું.

૨. ખાસ નોંધ: અરજી કરવાથી વિદ્યાર્થી પ્રવેશ માટે હકદાર બનતા નથી, પ્રવેશ મેળવા પાત્ર વિધ્યાર્થીની યાદી કોલેજ નોટીસ બોર્ડ/વેબસાઇટ પર તા. ૨-જુલાઇ-૨૦૨૪ (સાંજે ૫:૦૦ કલાકે) પ્રકાશીત કરવામાં આવશે.

૩. પ્રવેશ મેરિટ ને આધીન તેમજ વિષય ગ્રુપ માટેના સીટ મેટ્રીક્ષ પ્રમાણે ખાલી રહેતી બેઠકો પરજ આપવામાં આવશે.

૪. પ્રવેશ મળવાપાત્ર છે એવી જાણ થયા પછી જ વિદ્યાર્થીએ નીચે જણાવ્યા પ્રમાણે જરૂરી પ્રમાણપત્રો, આધાર રજુ કરી પ્રવેશ ફોર્મ ભરવાનું રહેશે.

૫. ગુજરાત યુનિવર્સિટી સલગ્ન કોલેજોના વિદ્યાર્થીઓએ અત્રેની કોલેજમાં એડમિશન મળવાપાત્ર છે એવી જાણ થયા પછી જ પોતાની કોલેજમાંથી N.O.C. કઢાવવાનું રહેશે. એ પહેલાં N.O.C. કઢાવશે તો તે અંગેની જવાબદારી જે તે વિદ્યાર્થી ની રહેશે.

૬. ગુજરાત યુનિવર્સિટી સિવાય અન્ય યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના વિદ્યાર્થીઓએ અત્રેની કોલેજમાં એડમિશન મળવાપાત્ર છે એવી જાણ થયા પછી જ ગુજરાત યુનિવર્સિટીમાંથી એલિજિબિલીટી સર્ટિફિકેટ, પોતાની કોલેજમાંથી N.O.C. અને પોતાની હાલની યુનિવર્સિટીમાંથી માઈગ્રેશન સર્ટિફિકેટ કઢાવવા નું રહેશે. એ પહેલા N.O.C. કે અન્ય સર્ટિફિકેટ કઢાવશે તો તે અંગેની જવાબદારી જે તે વિદ્યાર્થી ની રહેશે.

૭. પ્રવેશ ફોર્મ સાથે ઉપર જણાવ્યા પ્રમાણે એલિજિબિલીટી, N.O.C., માઈગ્રેશન સર્ટિફિકેટ જમા કરાવી અને પ્રવેશ સુનિશ્ચિત કરવાનું રહેશે

૮. પ્રવેશ મળ્યા બાદ વિદ્યાર્થીએ પ્રવેશ ફી ભરવાની રહેશે જે અંગે કોલેજ દ્વારા જાણ કરવામાં આવશે

**અધ્યક્ષ**
T. Y. B. Sc. પ્રવેશ સમીતી (૨૦૨૪-૨૫)
સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર

for આચાર્ય
સરકારી વિજ્ઞાન કોલેજ
સેક્ટર-૧૫, ગાંધીનગર

તમામ અપડેટ માટે કોલેજ વેબસાઇટ www.gscgandhinagar.in પર Admission→2024-25→ T. Y. B. Sc. પર જોતા રહેવું.